અપીલ અરજી નં.૨૫ તા.૨૨–૪–૦૯/૧૦

અરજદાર: શ્રી રાજેશ જયંતિલાલ પટેલ
સામાવાળા: ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## *ફરીયાદની હકીકત:–*

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ જયંતિલાલ પટેલની આઈ ડી. નં.૧૪૫૫ તા.૨૫–૩–૦૯ ની અરજીથી તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મચારી નં.૩૩૧૦૫ બાબતે મ્યુ.કમિશનરશ્રીને તા.૧૫–૧૦–૦૮ અને તા.૨૭–૧૦–૦૮ ના રોજ ઉદ્દેશીને જે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ શું કાર્યવાહી કરેલ તે તમામ કાર્યવાહીને લગતાં તમામ પ્રકારના પત્ર વ્યવહારો અને તે અંગે જે કંઈ પગલા લીધેલા હોય તે અંગેની પૂરેપૂરી મંદ્દા નં.૧ થી ૪ અંગેની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૫ /૨૦૦૯–૧૦

શ્રી રાજેશ જયંતિલાલ પટેલની આઈ ડી. નં.૧૪૫૫ તા.૨૫–૩–૦૯ ની અરજીથી તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશકુમાર પી. ઘી વાલા કર્મચારી નં.૩૩૧૦૫ બાબતે મ્યુ.કમિશનરશ્રીને તા.૧૫–૧૦–૦૮ અને તા.૨૭–૧૦–૦૮ ના રોજ ઉદ્દેશીને જે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ શું કાર્યવાહી કરેલ તે તમામ કાર્યવાહીને લગતાં તમામ પ્રકારના પત્ર વ્યવહારો અને તે અંગે જે કંઈ પગલા લીધેલા હોય તે અંગેની પૂરેપૂરી મંદ્દા નં.૧ થી ૪ અંગેની માહિતી આપવા બાબતે તા.૬–૪–૦૯ નં.જીએડી/ઈએસટી/૬૨ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪ તા.૨૯–૪–૦૯થી ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૦૦ તા.૫–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૨૫–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ તાલીમાર્થી બીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશકુમાર પી.ઘીવાલા કર્મચારી નં.૩૩૧૦૫ મ્યુ. કમિશનરશ્રીને તા.૧૫–૧૦–૦૮ અને ૨૭–૧૦–૦૮ ની નોટીસ મોકલેલી તેની શું કાર્યવાહી થઈ? અને લીધેલા પગલાની માહિતી, મુદ્દા નં.૨ મજકુર કર્મચારીએ નોકરીમાં જોડાયા બાદ એજન્સી ચાલુ રાખેલ હોવાનું જણાવી વીઆઈઓશ્રીના પેરા નં. ૫ ના તારણો જોતાં જરૂરી કાર્યવાહી માટે ડે.કમિશનર (પઅનેઈ) પ્રતિ મોકલેલ. જે અંગે તા.૧૨–૮–૦૮ થી તા.૧૦–૧૦–૦૮ સુધી નોકરીમાંથી સસ્પેન્ડ કરવા/દુર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી? તેમજ મજકુર કર્મચારીની વિરૂધ્ધ રીપોર્ટ/મેમો, શો–કોઝ ,નોટીસ/ચાર્જશીટ તથા તેમના તરફથી થયેલા ખુલાસાની પ્રમાણિત નકલ ગુજરાત સીવીલ સર્વીલ રુલ્સ તથા સુરત મહાનગરપાલિકાના ઠરાવેલ નિતિ નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગેના પુરાવા મળેલ હોય તો તાત્કાલિક સસ્પેન્ડ કરવાના રહે છે તેવી અનુમાનિત રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૩ મજકુર કર્મચારી નોકરીમાં જોડાયા બાદ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કો. લીમીટેડ માં લાઈસન્સ નં.૫૭૭૧૬૬૮૯૨૫ ધરાવતાં હતાં તેમજ તેઓનો એજન્ટ નંબર ૫૨૦૦૦૧૯૬ છે. જેના સંદર્ભે એજન્સી રદ કરવાની રજૂઆત, રદ કરેલ હોય તો તારીખ અને હુકમ, લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ હોય તો તારીખ, તા.૧૭–૧૦–૦૬ થી નાણાંકીય વ્યવહારની વિગત, તેઓના નામે જમાં થયેલ કમીશન અને કયા સંજોગોમાં જમાં કરાવવામાં આવેલ છે તેમજ એજન્સીને લગતી કામગીરી કરવામાં આવી છે કે કેમ? મુદ્દા નં.૪ મજકુર કર્મચારીના આક્ષેપો બાબતેઆધાર પુરાવા હોવા છતાં તેઓ વિરૂધ્ધ સક્ષમ સત્તાના આદેશો મેળવી કાર્યવાહી કઈ તારીખે પૂરી કરવામાં આવશે તેની માહિતી પૂરી પાડવા અંગે રજૂઆ કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએ મુદ્દા નં.૧ અને ૨ અંગે કર્મચારી સામેના આક્ષેપો બાબતે આધાર પુરાવા મેળવી એકત્ર કરી સક્ષમ સત્તાના આદેશો મેળવવા અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે પરંતુ કાર્યવાહીને લગતાં પત્ર બાબતેની માહિતી તથા કર્મચારી વિરૂધ્ધ રીપોર્ટ/મેમો, શો–કોઝ ,નોટીસ/ચાર્જશીટ વિગેરેની પ્રમાણિત નકલ અરજદારે માંગણી કરેલ હોઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોય તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯,૧૧ કે ૨૪ હેઠળના અપવાદ હેઠળના ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. તથા મુદ્દા નં.૩ માહિતી સુરત મહાનગરપાલિકાને સ્પર્શતી નથી પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર અરજી તબદીલ કર્યા કે માંગેલી વિગતો દફતરી રેકર્ડ મુજબ ઉપલબ્ધ છે કે નહીં તે અંગે પણ માહિતી જણાવેલ નથી. મુદ્દા નં.૪ આધાર પુરાવા એકત્ર થયા બાદ સક્ષમ સત્તા નિર્ણયને આધિન હોવાથી તેની પૂર્ણતા બાબતે ચોકકસ સમયગાળો નકકી કરી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ તથા ૨ અંગે પુરાવા અને આદેશો મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હોવાનું જણાવેલ છે. તે ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૮(૧) (એચ) તથા ૮(૧ ) (આઈ) અનુક્રમે ગુનાની પ્રક્રિયા ધરપકડ કે ઈન્કવાયરી કાર્યવાહીને અવરોધે તેવી તથા અધિકારીના વિચાર વિમર્શની લગતી બાબતોના અપવાદ હેઠળ અનુમાનિત થાય.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી બાબત હેઠળની કાર્યવાહી પૂર્ણ થઈ આખરી નિર્ણય લેવાઈ ગયા બાદ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા મુદ્દા નં.૩ અંગે કલમ–૬(૩) હેઠળ સબંધિત જાહેર સત્તા મંડળને દિન–૫ માં તબદીલ કરવા ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,મધ્યસ્થ મહેકમ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશ જયંતિલાલ પટેલ,ઉગત રોડ, સુમન નર્સરી પાસે, જહાંગીરપુરા, રાંદેર, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.